JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪
GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ અમાસ મંગળવાર ૧૪ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૩
પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# અમેરિકા હોર્મુઝનું ‘રક્ષક’, વસૂલશે ૨૦% ટેક્સ

**હોર્મુઝ** સામુદ્રધૂનિના રક્ષણના ખર્ચ પેટે અહીંથી પસાર થતા માલસામાન પર ૨૦ ટકાના દરે વળતર લેવાની જાહેરાત

**‘ઇરાની** નાકાબંધી’ ફરી લાગુ કરવાની ટ્રમ્પની જાહેરાતથી મિડલ ઇસ્ટમાં ખળભળાટ; ઇરાને અમેરિકાને આપી સખત યુદ્ધની ચેતવણી

**ઇરાને** તરત અમેરિકાનો દાવો ફગાવીને હોર્મુઝની ખાડીમાં કોઇ પણ દખલગીરી સામે કડક ચેતવણી આપી



## હવે નવો ઓઇલ આંચકો ભારતને પહેલા જેટલી અસર નહીં કરે

**નવી દિલ્હી, તા. ૧૩:** અમેરિકા અને ઈરાન વચ્ચેના નવેસરથી શરૂ થયેલા સૈન્ય સંઘર્ષે વૈશ્વિક ઉર્જા સંકટના કેન્દ્રમાં ફરી એકવાર ‘સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’ને લાવી દીધું છે. જો કે, ભારત માટે આ તાજેતરની કટોકટી એ કટોકટી કરતાં ઘણી અલગ રીતે સામે આવી રહી છે જેણે વૈશ્વિક સ્તરે મહિનાઓ સુધી ઇંધણની અછત ઊભી કરી હતી. આ સ્ટોરી એ વાતની છે કે કેવી રીતે ભારતે છેલ્લા 90 દિવસમાં તેના ક્રૂડની આયાતમાં વૈવિધ્યકરણ કર્યું, સ્પોટ-માર્કેટમાંથી ખરીદી વધારી અને અખાતી દેશો સાથેના લાંબા ગાળાના કરારો પરની નિર્ભરતા ઘટાડી. આ બદલાવ સાથે, વૈશ્વિક ઉર્જા વિક્ષેપોનો સામનો કરવા માટે ભારત માર્ચ મહિનાની સરખામણીએ આજે ઘણી સારી સ્થિતિમાં છે. ઉર્જા સુરક્ષાને વધુ અભેદ્ય બનાવવાની પ્રક્રિયા હજુ પણ ચાલુ છે.માર્ચ મહિનામાં તેલ

...અનુસંધાન પાના 15 પર

## ઇરાનનો આકરો પલટવાર

તેહરાને ટ્રમ્પની આ દરખાસ્તને તાત્કાલિક ફગાવી દઈને સખત સૈન્ય કાર્યવાહીની ચેતવણી આપી છે. ઇરાનની સંયુક્ત સૈન્ય કમાન્ડે સ્પષ્ટ કર્યું છે કે ઇરાનની પરવાનગી વિના યુએસ દળોના પસાર થવાના કોઈપણ પ્રયાસનો કડક સામનો કરાશે. ઇરાને આસપાસના પ્રાદેશિક દેશોને પણ ચેતવણી આપી છે કે જો કોઈ દેશે આ મામલે વોશિંગ્ટનને સહકાર આપ્યો, તો તેને ‘ઇરાન સામે યુદ્ધ’ ગણવામાં આવશે અને તેનાથી ભડકનારી જંગ માટે અમેરિકા જ જવાબદાર રહેશે.

## ઇરાન વાટાઘાટોમાં વારંવાર વલણ બદલતું હોવાનો ટ્રમ્પનો આક્ષેપ

ફોક્સ ન્યૂઝના ઇન્ટરવ્યુ દરમિયાન, ટ્રમ્પે ઈરાન પર વાટાઘાટો દરમિયાન વારંવાર પોતાનું વલણ બદલવાનો આરોપ પણ લગાવ્યો હતો, અને દાવો કર્યો હતો કે તેહરાને સમજૂતીઓ થઇ ગયા પછી પણ જાણીજોઈને વાટાઘાટોને લંબાવી હતી. તેમણે કહ્યું, “ગઈકાલે, તેઓની 11 કલાકની બેઠક હતી.... તેઓ એક મિનિટમાં એક વાક્ય પર પણ સ્થિર રહી શકતા નથી.” “ગઈકાલે બધું જ નક્કી થઇ ગયું હતું અને પછી તેઓ રૂમની બહાર ગયા અને પાછો ફોન કરીને કહ્યું, ‘આપણે થોડા ફેરફારો કરવા પડશે.’ ફેરફારો? અમે કોઈ ફેરફારો કરવાના નથી. તેઓ માત્ર વ્યાવસાયિક વાટાઘાટકારો છે. તે સિવાય તેઓ કંઈ નથી.”

**વૉશિંગ્ટન, તા. 13 :** અમેરિકા હોર્મુઝની સામુદ્રધુની પર “નિયંત્રણ મેળવશે” તેમ કહ્યાના ગણતરીના કલાકો બાદ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી હતી કે તેઓ જેને “ઈરાની નાકાબંધી” કહે છે તે ફરીથી લાદી રહ્યા છે. તેમણે જણાવ્યું કે વોશિંગ્ટન આ વ્યૂહાત્મક જળમાર્ગને સુરક્ષિત કરવાની જવાબદારી સ્વીકારશે અને તેમાંથી પસાર થતા તમામ માલસામાન પર 20 ટકા વળતર મેળવવાનો પ્રયાસ કરશે. જો કે ઈરાને આ દાવાને તરત જ ફગાવતા સખત જવાબની ચેતવણી આપી છે.

આ જાહેરાત ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા એક ઇન્ટરવ્યુમાં અમેરિકા હોર્મુઝની સામુદ્રધુની પર “નિયંત્રણ મેળવશે” અને તેનું “રક્ષક” બનશે તેવું કહ્યાના કલાકો બાદ આવી છે. ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરાયેલી તેમની નવીનતમ ટિપ્પણીઓ વોશિંગ્ટનના વલણમાં મોટો ઉછાળો દર્શાવે છે, કારણ કે ખાડીમાં દિવસો સુધી ચાલેલી સૈન્ય અથડામણો બાદ ઈરાન સાથે તણાવ સતત વધી રહ્યો છે. ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર લખ્યું, “હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી છે, અને ઈરાન હોય કે ન હોય, તે ખુલ્લી જ રહેશે. અમે ફરીથી ‘ધ ઈરાનિયન બ્લોકેડ’ લાગુ કરી રહ્યા છીએ, આ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કારણ કે તે માત્ર ઈરાનના જહાજો અથવા તેના ગ્રાહકોને આવતા કે જતાં રોકે છે. બાકીના તમામ દેશો આ સામુદ્રધુનીનો મુક્ત અને વાજબી ઉપયોગ કરી શકશે.

અમેરિકી પ્રમુખે આગળ જાહેરાત કરી કે અમેરિકા હોર્મુઝની સામુદ્રધુનીનું “રક્ષક” બનશે અને જણાવ્યું કે આ શિપિંગ લેનનો ઉપયોગ કરનારા દેશોએ તેની સુરક્ષાનો ખર્ચ ભોગવવો જોઈએ. તેમણે કહ્યું, “અમેરિકાને હવેથી ‘ધ ગાર્ડિયન ઓફ ધ હોર્મુઝ સ્ટ્રેટ’ (હોર્મુઝ સામુદ્રધુનીના રક્ષક) તરીકે ઓળખવામાં આવશે. પરંતુ આ હોદ્દાને કારણે અને ન્યાયીપણાના નિયમ મુજબ, વિશ્વના આ અત્યંત અસ્થિર વિસ્તારને સુરક્ષા અને સલામતી પૂરી પાડવા માટે જરૂરી તમામ ખર્ચ પેટે, વહન કરવામાં

...અનુસંધાન પાના 15 પર



# અરૂણાચલમાં પૂરથી ભારે તારાજી

**દેશના** કેટલાક ભાગોમાં વરસાદ ચાલુઃ ઉત્તરાખંડ સહિત કેટલાક રાજ્યો માટે રેડ એલર્ટ
દેશના મોટાભાગમાં મંદ પડેલું ચોમાસુઃ ૭ દિવસ પછી સક્રિય થશે

**૨૦** જુલાઈથી ગુજરાત-રાજસ્થાનમાં વરસાદી જોર વધશે;

**અરૂણાચલ** પ્રદેશમાં પૂરથી એક લાખ જેટલા લોકો અસરગ્રસ્ત

**નવી દિલ્હી, તા. 13 :** છેલ્લા થોડાક દિવસથી દેશના મોટા ભાગના વિસ્તારોમાં નૈઋત્યનું ચોમાસું મંદ પડી ગયું છે. રાજસ્થાન, ગુજરાત અને ઉત્તર-પશ્ચિમ ભારતના ઘણા વિસ્તારોમાં છેલ્લા ૩-૪ દિવસમાં નબળું પડેલું ચોમાસું ૨૦ જુલાઈથી ફરી વેગ પકડશે. સેટેલાઇટ ઈમેજમાં પૂર્વ, મધ્ય અને પૂર્વોત્તર ભારત પર ઘટ્ટ વાદળો જોવા મળી રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશ અને પૂર્વોત્તર પર બનેલી ચક્રવાતી સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આગામી થોડા દિવસોમાં વરસાદી પ્રવૃત્તિઓ તેજ થશે. હવામાન વિભાગે આજે ઉત્તર પ્રદેશ, બિહાર સહિત ૧૮ રાજ્યોમાં વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ, પૂર્વોત્તર રાજ્યો અને પૂર્વીય ઉત્તર પ્રદેશમાં આગામી ૬-૭ દિવસ સુધી ઘણી જગ્યાએ સારો અથવા ભારે વરસાદ થવાની સંભાવના છે. દરમ્યાન, દેશના કેટલાક ભાગોમાં મધ્યમ કે ભારે વરસાદ ચાલુ છે. ઉત્તરાખંડમાં સતત પડી રહેલા વરસાદને કારણે ઘણી જગ્યાએ લેન્ડસ્લાઈડ થઈ છે. ૨ નેશનલ હાઈવે સહિત ૧૨૬ રસ્તાઓ બંધ છે. સ્યાનાચટ્ટી પાસે ઋષિકેશ-યમુનોત્રી હાઈવે રવિવારે સતત ત્રીજા દિવસે પણ બંધ રહ્યો હતો. હરિયાણામાં હિમાચલથી આવી રહેલા પાણીના કારણે યમુના અને માર્કંડા નદીની જળસપાટી વધી ગઈ છે. આનાથી ઘણા ગામોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. દિલ્હીમાં વરસાદને કારણે યમુના નદીનું જળસ્તર

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી



### લોકસભામાં સંખ્યાબળ વધારવા ભાજપનું પક્ષપલટા માટે આક્રમક વલણ

લોકસભામાં પોતાનું સંખ્યાબળ વધારવા માટે દૃઢ સંકલ્પિત સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (બીજેપી)એ હરીફ રાજકીય પક્ષોના ધારાસભ્યોને પક્ષપલટો કરાવીને પોતાની તરફ ખેંચવાના પ્રયાસો તેજ કરીને ભારે સક્રિયતા દાખવી છે. પક્ષપલટો કરનારાઓ કાં તો ભાજપ અથવા તેના સહયોગી પક્ષોમાં ભળી ગયા છે, જ્યારે અન્યોએ અલગ જૂથો બનાવીને સત્તાધારી વ્યવસ્થા સાથે પોતાની જાતને જોડી દીધી છે. ભાજપના આ આક્રમક વલણે સ્વાભાવિક રીતે જ તેના રાજકીય વિરોધીઓને ચિંતિત કરી દીધા છે. કારણ કે, કોઈને ખાતરી નથી કે હવે પછી કોનો વારો છે. પરિણામે, જો તેમના ધારાસભ્યો ફોનનો જવાબ ન આપે તો આજકાલ પક્ષના વડાઓ ભારે ગભરાઈ જાય છે. કોંગ્રેસ નેતૃત્વને તાજેતરમાં જ આવી તણાવપૂર્ણ ક્ષણોનો સામનો કરવો પડ્યો હતો જ્યારે પંજાબના નેતાઓને તેમની આંતરિક જૂથબંધીની લડાઈઓ ઉકેલવા માટે દિલ્હી બેઠકમાં બોલાવવામાં આવ્યા હતા. બેઠક શરૂ થાય તે થોડીવાર પહેલાં જ ગેરહાજર રહેલા રાજ્યના નેતાઓનો સંપર્ક કરવા માટે ઉતાવળે ફોન

...અનુસંધાન પાના 15 પર

# હોર્મુઝ પર નિયંત્રણ મુદ્દે યુએસ-ઈરાન સામસામે

**તણાવ** ચરમસીમાએ; અમેરિકી સેનાના મિસાઇલ-ડ્રોન હુમલા, યમને તમામ એરપોર્ટ બંધ કર્યા અને ખાડી દેશો એલર્ટ પર

**ઇરાનના** ડઝનબંધ લશ્કરી સ્થળોને નિશાન બનાવ્યા હોવાનો અમેરિકાનો દાવો, ઇરાને વળતા હુમલાઓમાં અખાતી દેશોને નિશાન બનાવ્યા

**દુબઈ, તા. 13 :** અમેરિકા અને ઈરાન બંનેએ સોમવારે દાવો કર્યો હતો કે હોર્મુઝની સામુદ્રધુની પર તેમનું નિયંત્રણ છે. સમગ્ર મધ્ય પૂર્વમાં સપ્તાહાંત દરમિયાન થયેલા હુમલાઓને કારણે યુદ્ધનો અંત લાવવા માટેના રાજદ્વારી પ્રયાસો પર ફરીથી જોખમ ઊભું થયું છે અને અમેરિકા તથા ઈરાન વચ્ચે વધતા

...અનુસંધાન પાના 15 પર

## અમેરિકાના સાથી આરબ દેશો પર ઈરાનના હુમલા

અમેરિકી નૌકાદળના પાંચમામા કાફલાના મથક એવા બહેરીનમાં સોમવારે ત્રણ વખત મિસાઇલ એલર્ટ સાઇરન વાગ્યા હતા, અને કુવેતે જણાવ્યું હતું કે તે દુશ્મનના હુમલાઓને હવામાં જ તોડી પાડી રહ્યું છે. બંને દેશોમાં કોઈ નુકસાન થયું હોવાના તાત્કાલિક અહેવાલ નથી. જોર્ડનમાં, ત્યાંની સેનાએ જણાવ્યું હતું કે તેણે ઈરાનની ચાર મિસાઇલોને તોડી પાડી હતી અને આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ભૌતિક નુકસાન થયું નથી. જોર્ડન પણ યુએસ સૈન્ય દળો અને વિમાનોની યજમાની કરે છે. બીજી તરફ, ઈરાનમાં સત્તાવાળાઓએ હોર્મોઝગાન, ખુઝેસ્તાન અને મરકાઝી પ્રાંતોમાં હુમલા થયા હોવાના અહેવાલ આપ્યા હતા અને હરકાર સંચાલિત IRNA ન્યૂઝ એજન્સી અનુસાર ઓછામાં ઓછા બે લોકો માર્યા ગયા હતા. અર્ધ-સરકારી ઈરાની મીડિયાએ ઓમાનના અખાતના કિનારે આવેલા પૂર્વીય સિસ્તાન અને બલુચેસ્તાન પ્રાંતમાં પણ હુમલા થયા હોવાના અહેવાલ આપ્યા છે. અમેરિકાએ તેના હુમલા બંધ કર્યાના કલાકો પછી પણ આ હુમલા ચાલુ રહ્યા હતા - જેનાથી ખાડીના આરબ દેશો ઈરાન સામે જવાબી કાર્યવાહી કરી રહ્યા હોય તેવી શક્યતા ફરી વધી ગઈ છે. ગુરુવારે પણ ઈરાન પર કેટલાક અજાણ્યા હુમલા થયા હતા.

## મધ્યસ્થીઓ હજુ પણ કરાર કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે

ટ્રમ્પે ગયા અઠવાડિયે સંકેત આપ્યો હતો કે આ યુદ્ધમાં થયેલો વિરામ હવે પૂરો થઈ ગયો છે. પરંતુ પાકિસ્તાન, કતાર અને ઇજિપ્ત સહિતના મધ્યસ્થોએ યુદ્ધનો અંત લાવવા માટે અંતિમ કરાર સુધી પહોંચવાના પ્રયાસો ચાલુ રાખ્યા છે. આ સંવેદનશીલ વાટાઘાટો અંગે નામ ન આપવાની શરતે વાત કરતા મધ્યસ્થતામાં સામેલ એક પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું હતું કે યુદ્ધવિરામને મજબૂત કરવાના

...અનુસંધાન પાના 15 પર

## E20 પેટ્રોલ સામે વિરોધઃ NDAના ૫૨% મતદારો પણ ઈથેનોલ બ્લૅન્ડિંગથી નારાજ

**નવી દિલ્હી, તા. 13:** તાજેતરમાં હાથ ધરાયેલા સી-વોટર સર્વે અનુસાર, શાસક ગઠબંધનને સમર્થન આપતા હોવા છતાં 52 ટકાથી વધુ એનડીએ મતદારો તેમના વાહનોમાં E20 પેટ્રોલનો ઉપયોગ કરવા માગતા નથી.

આ આંકડા કેન્દ્ર સરકારની ઈથેનોલ બ્લેન્ડિંગ નીતિ અને જાહેર સ્વીકૃતિ વચ્ચે મોટો તફાવત દર્શાવે છે. સર્વેમાં જાણવા મળ્યું છે કે 52.5 ટકા એનડીએ મતદારોએ E20 પેટ્રોલનો ઉપયોગ કરવાનો ઇનકાર કર્યો છે, જ્યારે વિપક્ષના 57.9 ટકા સમર્થકો પણ તેની વિરુદ્ધમાં છે. સમગ્ર દેશમાં સરેરાશ 55.1 ટકા લોકોએ આ ઈંધણનો ઉપયોગ ન કરવાની વાત કહી છે.

સરકારની ઈથેનોલ બ્લેન્ડિંગ નીતિને પણ જનતાનું મર્યાદિત સમર્થન મળ્યું છે, જેમાં 52 ટકા લોકો આ નીતિના વિરોધમાં છે. લોકોમાં વાહનની માઈલેજ ઘટવા અને એન્જિનને નુકસાન થવાની ચિંતા મુખ્ય છે. સર્વેક્ષણ મુજબ, 52.8 ટકા લોકો માને છે કે E20 પેટ્રોલથી વાહનની માઈલેજ ઘટે છે

...અનુસંધાન પાના 15 પર

નવી શ્રેણી લાગુ થયા બાદ પ્રથમ વખત ફુગાવો RBIના ૪%ના લક્ષ્યાંકને પાર

# જૂનમાં મોંઘવારી વધી, છૂટક ફુગાવો વધીને 4.38 ટકા

**ખાદ્ય ચીજવસ્તુઓના** ભાવ વધતાં નવી શ્રેણીમાં પહેલીવાર ફુગાવાએ 4 ટકાની સપાટી વટાવી
તેલંગાણામાં સૌથી વધુ જ્યારે મિઝોરમમાં સૌથી ઓછી મોંઘવારી નોંધાઈ

**નવી દિલ્હી, તા. 13 (PTI):** મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓ મોંઘી થવાને કારણે જૂન મહિનામાં છૂટક ફુગાવો વધીને 4.38 ટકા પર પહોંચી ગયો છે.

સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, આ વધારા સાથે ફુગાવાનો દર રિઝર્વ બેંકના 4 ટકાના મધ્યમ લક્ષ્યાંક સ્તરને વટાવી ગયો છે. આ વર્ષે જાન્યુઆરીથી અમલમાં આવેલી નવી શ્રેણી (જેનું આધાર વર્ષ 2024 છે) હેઠળ છૂટક ફુગાવો 4 ટકાની સપાટી વટાવી ગયો હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે. ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) આધારિત ફુગાવો મે મહિનામાં 3.93 ટકા હતો, જે જૂનમાં વધીને 4.38 ટકા થયો છે. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (NSO)ના આંકડા દર્શાવે છે કે ખાદ્ય ફુગાવો પણ અગાઉના મહિનાના 4.78 ટકાથી વધીને જૂનમાં 5.32 ટકા થયો છે.

જૂન મહિનામાં સૌથી વધુ ફુગાવો ધરાવતી ટોચની પાંચ વસ્તુઓમાં સોના-ચાંદી, હીરા અને પ્લેટિનમની જ્વેલરી, આદુ, ટામેટાં અને કિસમિસનો સમાવેશ થાય છે. જ્યારે બટાકા, વટાણા, મોટર કાર, જીરું અને મોટરસાઈકલ જેવા સાધનોમાં ઓછો ફુગાવો જોવા મળ્યો હતો. રાષ્ટ્રીય સરેરાશ 4.38 ટકાની સામે ગ્રામીણ વિસ્તારો માટે ગ્રાહક ભાવ સૂચકાંક 4.74 ટકા અને શહેરી વિસ્તારો માટે 3.92 ટકા રહ્યો હતો. રાજ્યોમાં તેલંગાણામાં સૌથી વધુ (6.36 ટકા) અને મિઝોરમમાં સૌથી ઓછો (1.63 ટકા) ફુગાવો નોંધાયો હતો.

આરબીઆઈ પાસે ફુગાવાને 4 ટકાની આસપાસ રાખવાની જવાબદારી છે. જો કે, જૂનમાં વ્યાજદરો યથાવત રાખતી વખતે આરબીઆઈએ પેટ્રોલ-ડીઝલના ભાવવધારાને કારણે વર્ષ 2026-27 માટે ફુગાવાનો અંદાજ 4.6 ટકાથી વધારીને 5.1 ટકા કર્યો

...અનુસંધાન પાના 15 પર

# ભારતીય લશ્કરની થિયેટર કમાન્ડ યોજનાને ટૂંક સમયમાં મંજૂરી મળવાની આશા

**ભૂમિદળ,** નૌકાદળ અને વાયુસેના હવે એકીકૃત બળ તરીકે લડશે; નવા CDS જનરલ એન. એસ. રાજા સુબ્રમણીના નેતૃત્વમાં પ્રક્રિયાને મળી નવી ગતિ, ટૂંક સમયમાં કેબિનેટ સમિતિ સમક્ષ દરખાસ્ત મુકાશે

**નવી દિલ્હી, તા. 13 :** ભૂમિદળ, નૌકાદળ અને વાયુસેના માટે સંયુક્ત ઓપરેશનલ કમાન્ડ બનાવવાની દિશામાં સૂચિત પુનઃરચના છેલ્લાં લગભગ બે દાયકાથી ચર્ચા હેઠળ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ(CDS) તરીકે જનરલ અનિલ ચૌહાણનો કાર્યકાળ પૂરો થયા બાદ અને મે મહિનાના અંતમાં જનરલ એન. એસ. રાજા સુબ્રમણીએ આ પદનો કાર્યભાર સંભાળ્યા પછી આ પગલાંને નવી ગતિ મળી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે થિયેટર કમાન્ડની યોજના તેના સૌથી અદ્યતન તબક્કામાં પહોંચી ગઈ છે અને તેના વ્યાપક માળખાને મોટે ભાગે આખરી ઓપ આપી દેવામાં આવ્યું છે. બાકીના પડકારો સંસાધનોની ફાળવણી, કર્મચારીઓની તૈનાતી અને ત્રણેય સેનાઓ તેમજ સંયુક્ત ઓપરેશનની દેખરેખ રાખનારા સૂચિત થિયેટર કમાન્ડરો વચ્ચે કમાન્ડ સત્તાની વહેંચણી જેવા મુખ્ય મુદ્દાઓ પર કેન્દ્રિત છે. વર્તમાન સમયમાં, આર્મી, નેવી અને એરફોર્સ મોટે ભાગે તેમના પોતાના અલગ કમાન્ડ માળખા દ્વારા કાર્ય કરે છે, જેમાં સ્વતંત્ર તાલીમ, આયોજન અને ઓપરેશનલ સિસ્ટમ્સ સામેલ

...અનુસંધાન પાના 15 પર

# ટ્રેનના AC કોચના મુસાફરો ચોરી ગયા 1.27 કરોડ બેડશીટ્સ

**કોન્ટ્રાક્ટરોને** ચાર વર્ષમાં 104 કરોડથી વધુનું આર્થિક નુકસાન

**RTIમાં** ચોંકાવનારો ખુલાસોઃ કોરોના પછી રેલવેમાં બેડરોલ ચોરીની ઘટનાઓમાં ૫૬%નો જંગી વધારો

**નવી દિલ્હી, તા. 13:** ભારતીય રેલવેના એર-કન્ડિશન્ડ કોચમાં મુસાફરી કરતા મુસાફરો દ્વારા જાન્યુઆરી 2022થી મે 2026 વચ્ચે અંદાજે 1.27 કરોડ ગાદલાથી સંબંધિત વસ્તુઓની ચોરી કરવામાં આવી હતી. આ ચોરીના કારણે કોન્ટ્રાક્ટરોને 104 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું હોવાનો ખુલાસો એક આરટીઆઈ તપાસમાં થયો છે.

દેશના 18 રેલવે ઝોનમાંથી 16 ઝોનના 54 રેલવે ડિવિઝન પાસેથી મેળવેલી માહિતી અનુસાર, કોવિડ-19 રોગચાળા પછી જાન્યુઆરી



મુસાફરોએ આશરે એક વસ્તુ જેટલી જ થાય છે, પરંતુ આ કુલ નુકસાન રેલવે સત્તાવાળાઓ અને કોન્ટ્રાક્ટરો કારણે ઓશીકાં સૌથી ઓછા એટલે કે 2.76 લાખ ચોરાયા છે. ક્ષેત્રીય સ્તરે

...અનુસંધાન પાના 15 પર



તા. ૧૩-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૧૫૪.૮૮ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૪.૬ સે. | ૨૮.૪ સે. | ૭૦% |